RKK-147

"કુટીલોની કુટીલતા ઉપર સર્ચલાઇટ"

પીરાણા પંથના કહેવાતા આચાર્યોએ ગંગાજીના નામથી ઉભું કરેલું પાખંડ. પટેલ નારાયણજીભાઇએ તોડેલી પ્રપંચ જાળ તે જોઇ સૈયદ બાવાસાહેબે પાડેલી ચીસો તેને મળેલો આ જવાબ.

આજના સુધરતા જમાનામાં પણ ધર્મના નામે ધુતીખાનારાઓ સત્યતાને વેગળી મુકી રાત્રી દીવસ પોતાના નીચ કર્તવ્યમાં મચ્યા રહી અભણ અને ભોળા માણસો ને ફસાવવા પોતાની કપટબાજીની જાળ પાથરતા રહે છે. ને ફસાવીને, પોતે પોતાના નાચતાના ગુણોને લઇ મલકાય છે. અને પોતાની રચેલી ઠગબાજીની જાળમાંથી કોઇ પણ છટકી જવા ન પામે એવા પ્રયત્ન કરતા રહે છે, પણ આખરે સત્યનોજ જય થાય છે.

સતપંથના નામે ઠગીખાતા કાકા તથા સઈયદો માંહેના એક સઇયદ બાવા સાહેબે ઇમામશાહનું બનાવેલુ રચેલી ગાડું ભાંગી પડતું જોઇ પોતાના કર્મ ઉપર અંધાર પછેડો નાખી પીરાણા પંથનો ખોટો બચાવ કરી ભોળા હૃદયના માણસોમાં પોતાને પવિત્ર તેમજ પુન્યશાળી બતાવવા સારૂ (પોતાની જ્ઞાતિમાં નહીં) અવાર નવાર ખોટા પાયા વગરના લેખો તેમજ હેન્ડબીલો છપાવ્યા જાય છે. કેમ જાણે સઇયદ ની આખી કોમમાં બીજો એવો કોઇ પણ વિદ્વાન છેજ નહીં. પોતાની કોમના કટ્ટા દુશ્મન તેમજ વિરોધી બનેલા છે ને ઘણી વખત હડધુત થએલા છે. (પીરાણા ફુટ મંડળે" તેને ઘણી વખત પીરાણા પંથ બાબત હેંડબીલો દવારા સવાલ જવાબ પુછેલા છે, પણ બાવા સાહેબથી તેના સાચા જવાબ આપી શકાણા નથી.) છતાં ("જાનમાં કોઇ જાણે નહીં હું લાડાની ફુઇ") એવો હિસાબ છે. તો પણ આગળ આગળ થઇ જ્ઞાતિને ઠગવા પોતાની કુટીલ નીતી છોડવાનું હજી મન હા કહેતું નથી તેનો દાખલો.

હાલમાં અમારા સુધારક જ્ઞાતિની દાઝ ધરનાર પટેલ નારણજી રામજીભાઇએ "પ્રપંચીઓના પાપ ને કલી મહારાજની લીલા" એ નામનું એક હેન્ડબીલ છપાવીને બહાર પાડેલ છે. તેના સત્યતા ભરેલા લખાણથી કાકા લખમશી કરમશીને પોતાની (બાવા સાહેબની) શીખાડેલી પ્રપંચ લીલા ઉઘાડી પડતી જોઇ બાવા સાહેબથી સાંખી શકાણી નહીં જેથી પોતે કાકાના દલાલ બની (કારણકે કાકો તો કાળા અક્ષરને કુટી મારે છે.) બચાવ કરવાના બહાને "મહાન ધુર્તબાજની પોળ" એ નામનું એક હેન્ડ બીલ છપાવીને બહાર પાડેલ છે તેમાં સત્યતાને છુપાવી પરનિંદા, મિથ્યાત્વ તથા જેમ આવડયું તેમ ભસી માર્યું છે, તેમાં નવાઇ શું છે ? કહેવત છે "જેવો આહાર તેવો ઓડકાર જાત વીના ભાત પડે નહીં" ઉપરોક્ત હેન્ડબીલમાં સાચું શું છે, તેતો સમજુ અને વિદ્વાન ભાઇઓ પોતેજ સમજશે.

બાવા સાહેબ આપ આપના હેન્ડબીલમાં કાકાઓ તથા સઇયદોને પવિત્ર અને પુન્યશાળી કહો છો, તો તમો કેટલા પુન્યશાળીને પવિત્ર છો તે જન સમાજથી અજાણ્યું નથી. સઇયદ ઇમામશાહે પાંચસો વરસથી જેમ તેમ લુકે ચોપડી રાખેલાં ખીચડીઓ પંથ આજે છીન્નભીન્ન થઇ ગયો છે. તે પણ તમારી અને કાકાઓની પવિત્રતાના પ્રતાપે તમારી ઉભયની આજે એવી દશા થઇ છે. કે. "ન ત્રણમાં ન તેરમાં ન છપનના મેળામાં" તમોએ તમારા હેન્ડબીલમાં જેમ ફાવે તેમ નીંદા કીધી છે, પણ દીવાની પાછળ

RKK- 147

"કુટીલોની કુટીલતા ઉપર સર્ચલાઇટ"

પીરાણા પંથના કહેવાતા આચાર્યોએ ગંગાજીના નામથી ઉભું કરેલું પાખંડ. પટેલ નારાયણજીભાઇએ તોડેલી પ્રપંચ જાળ તે જોઇ સૈયદ બાવાસાહેબે પાડેલી ચીસો તેને મળેલો આ જવાબ.

આજના સુધરતા જમાનામાં પણ ધર્મના નામે ધુતીખાનારાઓ સત્યતાને વેગળી મુકી રાત્રી દીવસ પોતાના નીચ કર્તવ્યમાં મચ્યા રહી અભણ અને ભોળા માણસોને ફસાવવા પોતાની કપટબાજીની જાળ પાથરતા રહે છે. ને ફસાવીને, પોતે પોતાના નાચતાના ગુણોને લઇ મલકાય છે. અને પોતાની રચેલી ઠગબાજીની જાળમાંથી કોઇ પણ છટકી જવા ન પામે એવા પ્રયત્ન કરતા રહે છે, પણ આખરે સત્યનોજ જય થાય છે.

સતપંથના નામે ઠગીખાતા કાકા તથા સઇયદો માંહેના એક સઇયદ બાવા સાહેબે ઇમામશાહનું બનાવેલું રગઝીણું ગાડું ભાંગી પડતું જોઇ પોતાના કર્મ ઉપર અંધાર પછેડો નાખી પીરાણા પંથનો ખોટો બચાવ કરી ભોળા હૃદયના માણસોમાં પોતાને પવિત્ર તેમજ પુન્યશાળી બતાવવા સારૂ (પોતાની જ્ઞાતિમાં નહીં) અવાર નવાર ખોટા પાયા વગરના લેખો તેમજ હેન્ડબીલો છપાવ્યા જાય છે. કેમ જાણે સઇયદની આખી કોમમાં બીજો એવો કોઇ પણ વિદ્વાન છેજ નહીં. પોતાની કોમના કટ્ટા દુશ્મન તેમજ વિરોધી બનેલા છે ને ઘણી વખત હડધુત થએલા છે. (પીરાણા કુર મંડળે" તેને ઘણી વખત પીરાણા પંથ બાબત હેંડબીલો દવારા સવાલ જવાબ પુછેલા છે, પણ બાવા સાહેબથી તેના સાચા જવાબ આપી શકાણા નથી.) છતાં ("જાનમાં કોઇ જાણે નહીં હું લાડાની ફુઇ") એવો હિસાબ છે. તો પણ આગળ આગળ થઇ જ્ઞાતિને ઠગવા પોતાની કુટીલ નીતી છોડવાનું હજી મન હા કહેતું નથી તેનો દાખલો.

હાલમાં અમારા સુધારક જ્ઞાતિની દાઝ ધરનારા પટેલ નારણજી રામજીભાઇએ "પ્રપંચીઓના પાપ ને કલી મહારાજની લીલા" એ નામનું એક હેન્ડબીલ છપાવીને બહાર પાડેલ છે. તેના સત્યતા ભરેલા લખાણથી કાકા લખમશી કરમશીને પોતાની (બાવા સાહેબની) સીખાડેલી પ્રપંચ લીલા ઉઘાડી પડેલી જોઇ બાવા સાહેબથી સાંખી શકાણી નહીં જેથી પોતે કાકાના દલાલ બની (કારણકે કાકો તો કાળા અક્ષરને કુટી મારે છે.) બચાવ કરવાના બહાને "મહાન ધુર્તબાજની પોળ" એ નામનું એક હેન્ડબીલ છપાવીને બહાર પાડેલ છે તેમાં સત્યતાને છુપાવી પરનિંદા, ખિસિયલ તથા જેમ આવડયું તેમ ભસી માર્યું છે, તેમાં નવાઇ શું છે? કહેવત છે "જેવો આહાર તેવો ઓડકાર બાત વીના ભાત પડે નહીં" ઉપરોક્ત હેન્ડબીલમાં સાચું શું છે, તેતો સમજુ અને વિદ્વાન ભાઇઓ પોતેજ સમજશે.

Handbill 1

Handbill 2

બાવા સાહેબ આપ આપના હેન્ડબીલમાં કાકાઓ તથા સઇયદોને પવિત્ર અને પુન્યશાળી કહો છો, તો તમો કેટલા પુન્યશાળીને પવિત્ર છો તે જન સમાજથી અજાણ્યું નથી. સઇયદ ઇમામશાહે પાંચસો વરસથી જેમ તેમ છુપી ચોપડી રાખેલી બીચડીઓ પંથ આજે છીન્નભીન્ન થઇ ગયો છે, તે પણ તમારી અને કાકાઓની પવિત્રતાના પ્રતાપે તમારી ઉભયની આજે એવી દશા થઇ છે. કે "ન ત્રણમાં ન તેરમાં ન છપનના મેળામાં" તમોએ તમારા હેન્ડબીલમાં જેમ ફાવે તેમ નીંદા કીધી છે, પણ દીવાની પાછળ

RKK-148

અંધારૂ હોય તે પોતાથી જોઇ શકાતું નથી. તમો ઇર્ષાથી અન્ય સાધુઓને ધુર્તો દગાબાજો અને કુકર્મીઓના માન ચાંદો આપો છો ને તેવાઓના નાટકો ભજવાય છે, એમ લખો છો પણ પોતાના સઇયદોનો વિચાર કરો, તમારામાં એવાતો નર બહાદુર પડયા છે કે પોતાનું તેમજ પોતાના બાપનું ને જાતનું પણ નામ બતાવતા નથી જેમ વર્ણશંકર પેદા થયેલ હોય ને બાપનું નામ છુપાવતો હોય તેમ છુપાવેલ છે તેનો પુરાવો શાં. ૧૯૭૭ ની સાલમાં પોશ મહીનામાં અમુક તારીખે કોઇ ગોર રજાઅલી નામનો સઇયદ કરાંચીમાં કયાંકથી રઝળતો કુટી નીકળ્યો હતો તેણે પોતાનું તેમજ બાપનું જુઠું નામ લખાવી જાત બદલી ન હીંદુ ન મુસલમાન એવો મજકુર સઇયદ હીંદુનો દીકરો બની પોલીસમાંથી ફોટો પાસ લઇ નામદાર બ્રીટીશ સરકારના અમલદારોને ઠગી બીજા બે ભાડુતી માણસો લઇ રણછોડ લાઇનમાં સનાતની દક્ષીણી બ્રાહ્મણ બની પીરાણા પંથના મતલબનું ગોળમટોળ ભાષણ કરી ભોળા માણસોને ફસાવતો હતો પણ કુળ હંમેશાં છુપું રહી શકતું નથી. જાહેરમાં ભાષણ હતું જેથી કેટલાંએ માણસ ભેગાં થઇ ગયાં ને સવાલ જવાબ કરતા તેની કપટ બાજીની જનસમાજને ખબર પડતાં મજકુર સઇયદની શું દશા થઈ ને ઇનામ મળ્યું તે તો તેજ જાણે "રામબાણ વાગ્યાં હોય તે જાણે" બોલો બાવા સાહેબ તમે કહેલા ધુર્તો દગલબાજો ને કુકર્મીઓ સાધુઓ વધે કે હિન્દુને પોતાનો બાપ બનાવનાર તમારો સઇયદ વધે એ તમારેજ સમજવાનું છે.

ઇમામશાહના બનાવેલા નુરનામાં, બાજનામાં, નાદેઅલી, મોરનબુવત તથા ધલધલ ઘોડાના નામથી લલચાવી ભોળવી લુંટ ચલાવતા હતા ને ઠગી ખાતા હતા તે સર્વેના ચમત્કાર આજે કયાં ગયા? આટલા દિવસ તમારા ઇમામશાહે ચલાવેલા સતપંથમાં "નુરની ગોળી" દરેક સારા યા નરતા કામમાં વપરાતી હતી તે "નુરની ગોળી" વિષે અમારી પાટિદાર જ્ઞાતિમાંથી ઘણા માણસોને વહેમ પડવાથી તમોએ પોતાની નીચ યુકિત વાપરી કોઇ છટકી જાવા પામે નહીં તે સારૂ પીરાણામાં ગંગાજી પ્રગટ થયેલાં છે. એવું ધતીંગ ઉભું કરી માણસોને ઠીક ફસાવવા લાગા છો. પણ તમારે અને ગંગાજીને શું લાગે વળગે હિંદુઓમાં પવિત્ર મનાતાં ગંગાજીને માનનારા બાવીસ કરોડ હિંદુઓ હજી હસ્તિ ધરાવે છે, છતાં તેને મુકીને તમારા જેવા ધર્મભ્રષ્ટો, વિશ્વાસઘાતિ તથા માંસાહારી સઇયદોને ત્યાં પગલાં કરી પોતાનો અલૌકીક ચમત્કાર બતાવી દર્શન દઇ પવિત્ર કરે એવો તમારામાં કયો દઇવી ગુણ છે ? પીરાણા પંથના આચાર્યોને ગુરૂઓ તમારી ભુલ થાતી હશે આજે દુનિયામાં પ્રખ્યાત અને મશહુર જે પતીત પાવની ગંગાજી છે તે નહીં હોય પણ પીરાણા સતપંથ હીંદુ ધર્મ વિજય પતાકા નામની ચોપડી જે સંવત ૧૯૭૫ સને ૧૯૧૯ ની સાલમાં કચ્છ માન કુવાના પટેલ જીવરાજ વસ્તા તથા પેથાભાઈ રામજી ઘોળુ તરફથી પીરાણા પંથનો બચાવ કરવા સારૂ છપાઈને બહાર પડી હતી. તેમાં લખેલ છે કે આગળ એક જગન્નાથ નામના પંડીત હતા તે વિદ્વાન હતા તે જ્ઞાતિના કહેવાથી કોઈ એક બાદશાહ પાસે અથર્વ વેદ શીખવા ગયા હતા જ્ઞાતિએ જરૂર પડેતો બાદશાહ સાથે જમવાની છુટ આપી હતી પણ બાદશાહે હઠ પકડી કે મારી યવની નામની શાહજાદી છે તેની સાથે લગ્ન કરો તો હું શીખવું આખરે પંડીતે "યવની" સાથે શાદી કીધી ને અથર્વ વેદ શીખી

શાં. = શાલ = કચ્છી વર્ષ = VSA (Vikram Samvat starting on 01st of Ashadh month)

VSA: Between 10-Jan-1921 and 07-Feb-1921

Book: 1919 - Pirana Satpanth Hindu Dharm Vijay Pataka [828] - Page 12

RKK-149

"ચવની" ને સાથે લઈ પોતાને ગામ આવ્યા જ્ઞાતિને સર્વે વાત કરી જ્ઞાતિએ વાંધો લીધો કે તમોએ તેની સાથે લગ્ન કર્યું માટે અમે તમોને જ્ઞાતિમાં રાખી શકશું નહીં પંડીતજીતો કાંઈ પણ બોલ્યા નહીં પણ એક વખત જ્ઞાતિ ભોજન હોવાથી "ચવની" પંગતમાં આવી બેઠી જેથી જ્ઞાતિના માણસો પંડીતજીના પાસે ગયા તેને સમજાવીને "ચવની" ને પંગતમાંથી ઉઠાડી પંડીતજીએ જ્ઞાતિ પાસે માંગણી કરીકે જો ગંગાજી અમોને પોતાના ચમત્કારથી જો નવરાવીને પવિત્ર કરે તો જ્ઞાતિમાં લેશો કે નહીં સર્વેએ હા કેહી બીજે દીવસે પંડીતજી તથા "ચવની" ગંગાજીના ઘાટ ઉપર બાવન મે છેલ્લે પગથીએ બેઠાં ને દરેક માણસના દેખતાં પંડિતજીએ અર્થવ વેદના શ્લોક બોલવા સરૂ કર્યા કે એક એક શ્લોકે એક એક પગથીઉં ગંગાજી ઉપર ચડતાં આવ્યા એવી રીતે બાવનમાં પગથીઆની લગોલગ આવી પહોંચ્યાં પંડીતજીએ બાવનમો "ચવનિ" માટેનો શ્લોક બોલતાંજ ગંગાજી પંડીતજીને પવિત્ર કરી સ્નાન કરાવી પોતાને ઠેકાણે બેસી રહયા ને જ્ઞાતિએ પંડિતજીને તથા "ચવનિ" ને પોતાની જ્ઞાતિમા લીધા બાવાસાહેબ તેજ તમારા ગંગાજી ન હોય જેમાં તમોએ ગોળમટોળ કરી માં મુસલમાન ને બાપ હીંદુથી ઉત્પતિ બતાવી છે. પણ તે વાત માનવામાં આવતી નથી. કારણ કે. તે પુસ્તક વાંચતાજ તમોએ તે પુસ્તકના છપાવનાર પટેલ જીવ રાજ વસ્તા તથા પેથાભાઈ રામજીને પીરાણે બોલાવી દમદાટી દઇ તે લેખ કેન્સલ (રદ) કરાવ્યો ઉપરોકત બીના જાણી તે હકીકત તમોનેજ લાગુ પડતી હશે એમ ચોકસ દેખાઈ આવે છે. ને પોતે પોતાના હાથથી બંધાણા છો. એમ જાણી ગયા જો પોતાની ઉત્પતિ કબુલ કરો તો તમારી પેદાશ વર્ણશંકરથી શાબીત થાય. અને જો બીજા કોઈ અન્ય મુસલમાનના વાંચવામાં તે પુસ્તક આવે તો તમોને જવાબ આપવો ભારી પડી જાયે જેથી તમોએ કાકાઓ તથા કચ્છના આગેવાનોમાંથી તમારા સલાહકાર પટેલોને પીરાણે બોલાવીને મજકુર ધણીને દબાવીને તે પુસ્તક દબાવી મુકયું તો હવે અમારે બીજાં કયા ગંગાજી સમજવા તેનો જન સમાજ આગળ ખુલાસો કરશો.

યાદ રાખજો કે હવે એ જમાનો વહી ગયો છે કે અમારા કડવા તથા લેવા પાટીદાર ભાઈઓ તમારી જાળમા ફસાય તમારી તથા કાકાઓની લુચ્ચાઇ પાટીદારો જાણી ગયા છે. અમદાવાદમાં તમો તથા કાકાઓ કોર્ટોમાં કેશ લડી રહયા હતા જેના ઘરમેળે પંચ કચ્છના આગેવાનોમાંથી અમુક પીરાણે આવેલ હશે તે થયા હતા તેની પાછળથી તે કેસમાં સાક્ષીની જરૂર પડતાં કચ્છ નખત્રાણાની કોર્ટમાં કમીશન ગયું ત્યાં તપાસ ચાલી પંચ (આમીન) થયેલા માણસોની જુબાનીઓ લેવાણી પીરાણાથી સઈયદ પુંજામીઆં તથા કાકો નથુ પણ આવેલ હતા જેમાં સઇયદે ખાસ તકરાર લઈ લડત ચલાવી ને કાયદાસર પીરાણા પંથને માનનાર ખાસ ન હીંદુ કે ન મુસલમાન છે એમ સાબીત કર્યું તેની પ્રસ્તાવીક નીબંધમાં જુબાની ઓ પણ બહાર પડેલ છે તેમજ ઘણા ભાઇઓએ કોર્ટમાં હાજર રહીને સાંભળેલ છે તે ઉપરાંત ગામ વીથોણના ખાનામાં ત્રણ પાંચાડા ભેગા થયા હતા જેના રૂબરૂ સ્વર્ગસ્થ નથુકાકાએ (જેમનો આતમા બાવા ઇમામશાહ પાસે ઇનામ લેવા ગયેલ છે) કહ્યું હતું કે પીરાણા પંથ ભવઇયાની રમતમાં "જંદાના વેશ જેવો છે"

Reference of Prastavik Nibandh

RKK-150

૪

આજે એજ ડાકાણો અને તમો કોર્ટમાં લડી પાછા બંનેએ પોતાની નીચતા વાપરી કણબી જ્ઞાતિને ઠગવા સારૂ ગંગાજીના નામથી ગપ ઉડાડી, અરે પાટીદારો શું? એટલું પણ નહીં સમજે કે આ બધો પ્રપંચ છે. જો કદી તમારી વાત સાચી હોય ને ગંગાજી પ્રગટ થયાં હોય તો શું? તમારા વડીલ પીરાણા પંથના સ્થાપક ઈમામશાહમાં અકલ ન હતી? કે ખબર ન હતી? પોતાના પુસ્તકમાં સાફ લખેલ છે કે આખરે અઢી મુંમન રહેશે ને 'સઈયદો હાટ લઈ જાશે તેને કોઈ રોટલો પણ ઘડી આપશે નહીં જ્યારે અમારા પાટીદારોને તથા બીજા ઘણા માણસોને ફસાવી મારનાર ઈમામશાહને આટલી ખબર હતી. ને પોતે લખ્યું છે તો પછી તમારા કહેવાતા ગંગાજીની કેમ ખબર પડી નહીં જો તેણે આગળથી બાંધ્યું હોત તો હજી પણ થોડા ઘણા માણસો કબુલ કરત આતો તમારા ઈમામશાહ કરતાં તમારી અકલ વધી ગઈ હવેકાંતે તમારી ગંગાજી ખોટાં ઠરાવો નહીંતો તમારા ઈમામશાહને ખોટા ઠરાવો.

હીંદુઓમાં પુજ્ય અને પવિત્ર મનાતા ગંગાજીનુ જળ કોઈ પણ હીંદુ પાસે હોયને કોઈ બીજો હીંદુ માગણી કરે તો તે આપવામાં અચકાતો નથી પણ તમારા જેવાં તમારા શિષ્યો કે ઠગભગતો તમારા દલાલો તમારી કહેવાતાં ગંગાજીનું પાણી આપતાં અચકાય છે. અને ખોટાં બહાના બતાવી આપતાજ નથી એ તમારી તેમજ તમારી ગંગાજીની સત્યતા સાબીત કરે છે.

તમો તમારા હેન્ડબીલમાં પટેલ નારાયણભાઈના લેખનો જવાબ આપવા સારૂ છપાવવા સારૂ પીરાણા પંથના માનનાર કોઈ પણ વ્યક્તિ પાસે પઈસાની માંગણી કરો છો શામાટે છે.? આવા સાહેબ લોકો માણસોને ઠગી ખાવાની હિકમતી સારી શીખ્યા છો આતો સંતપંથી પઈસા આપેતો છપાવો વાહ શી યુક્તિ "દામ તુમારા કામ હમારા" એવો તાલ છે. તમારા વડીલ ઈમામશાહે આવો જાતનો "ઈમીટેશન સોના જેવો" પંથ ચાલુ કરી આપ્યો સોનાની ખાણ તમારા સારૂ મુકતો ગયો તેને તમોએ ખુબ ઉપયોગમાં લીધો હવે જેવારે તે પડી ભાંગવા લાગ્યો ને ડગમગી ગયો તે વારે તેની મરામત કરાવવા સારુ તમારી પાસે પઈસા નથી કેટલી શરમની વાત છે? જ્યારે તમારાથી આટલી નજીવી રકમ પણ નથી ખરચી શકાતી તો તમારા વડીલ ઉપર ને તેને બનાવેલા પંથ ઉપર તમોને કેવોક પ્રેમ હશે તે દેખાઈ આવે છે,

હવે કાં તો સત્યતાથી જવાબ આપો ને નહીં તો "ગાજરની પુંગુડી વાગી ત્યાં સુધી વાગી નહીંતો કરડી ખાધી" એવો રસ્તો કરો. કચ્છી કહેવત પ્રમાણે "કુટણ્ સુઠી સુણે કને" એવો તમારો વખત આવ્યો છે બાકી હવે તમારૂં ખરાબામાં અથડાયલું વહાણ પાર ઉતરશે નહીં કોઈ પણ ઠેકાણે સાચો સત્યતાનો કિનારો જોઈ ઉતરી જાઓ ને ભાંગેલા વહાણને મુકી દ્યો તેમાં તમારૂં બંનેનું ને અન્યનું પણ શ્રેય છે. નહીતો બીજાઓનું તો ખાતું હશે તે થશે પણ તમોને વહાણવટીઓની માફક વગર મોતે દરીઆમાં ડુબી મરવા જેવો વખત આવશે માટે ચેતો આખર સત્યનોજ જય થાય છે ને કુકર્મીઓના કાળા મોઢા થાય છે.

(અસ્તુ)

લી. શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળના તરફથી

રઘુકોડ ડાઈ કરાચી તા. ૧૩–૬–૨૫ સક્રેટરી પટેલ શીવજી કાનજી

Imamshah never mentioned about Gangaji

2.5 Mumna will survive at the end

Gangaji is fraud